(૭) C ની લેણી રકમ પૈકી રૂા. ૬૪૦૦૦ પેઢીમાં લોન તરીકે રાખી મુકવાની છે. અને બાકીના તરત જ રોકડા ચુકવી આપવાના છે.

જરૂરી ખાતા તૈયાર કરો અને C ની નિવૃત્તિ પછીનું પેઢીનું નવું પાકુ સરવૈયું તૈયાર કરો.

પ્ર.૩ પ્રકાશ, કમલેશ અને રાકેશ અનુક્રમે ૩ : ૨ : ૧ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ તા. ૩૧-૩-૨૦૧૬ના રોજ પેઢીનું વિસર્જન રવાનું નક્કી કર્યું તે દિવસે તેમનું પાકુ સરવૈયું નીચે મુજબ હતું. (૧૫)

**તા. ૩૧-૩-૨૦૧૬ના રોજનું પાકું-સરવૈયું**

| જવાબદારીઓ | | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|---|
| મૂડીઃ | | | પાઘડી | ૨૦૦૦ |
| પ્રકાશ | ૧૫૨૦૦૦ | | જમીન-મકાન | ૭૦૦૦૦ |
| કમલેશ | ૫૬૦૦ | | ફર્નિચર | ૨૬૦૦૦ |
| રાકેશ | ૨૪૦૦ | ૧૬૦૦૦૦ | યંત્રો | ૭૨૦૦૦ |
| સામાન્ય અનામત | | ૧૪૪૦૦ | સ્ટોક | ૨૨૪૦૦ |
| લેણદારો | | ૨૪૦૦૦ | રોકડ | ૮૮૦૦ |
| દેવીહૂંડી | | ૨૮૦૦ | | |
| | | ૨૦૧૨૦૦ | | ૨૦૧૨૦૦ |

અન્ય માહિતી :

(૧) મિલકતોના નીચે મુજબ ઉપજ્યા,
જમીન-મકાન ૬૦૦૦૦, ફર્નિચર ૨૦૦૦૦, યંત્રો ૬૪૦૦૦ સ્ટોક ૧૮૪૦૦,

(૨) લેણદારોને રૂા. ૨૧૨૦૦ ચુકતેના હિસાબે ચુકવ્યા.

(૩) રૂા. ૪૦૦૦ નું એક દેવું પુરે-પુરુ ચુકવી દીધું હતું જે ચોપડે નોધાયેલ ન હતું.

(૪) વિસર્જન ખર્ચ રૂા. ૨૪૦૦ થયો.

કમલેશ અને રાકેશ નાદાર થયા. અને કમલેશની મિલકતમાંથી રૂપિયે ૬૦ પૈસા અને રાકેશની મિલકતમાંથી રૂપિયે ૪૦ પૈસા મેળવી શકાયા.

પેઢીના ચોપડા બંધ કરવા જરૂરી ખાતા તૈયાર કરો અને મૂડીતૂટની ગણતરી દર્શાવો.

**અથવા**

પ્ર.૩ રાકેશ, મંગેશ અને શૈલેશની પેઢીનું તા. ૩૦-૯-૨૦૧૫ના રોજ વિસર્જન થયું. તે દિવસે તેમની સ્થિતિ નીચે મુજબ હતી. (૧૫)

**પાકું-સરવૈયું**

| જવાબદારીઓ | | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|---|
| લેણદારો | | ૪૦૦૦૦ | જમીન-મકાન | ૨૦૦૦૦ |
| રાકેશની લોન | | ૮૦૦૦ | સ્ટોક | ૧૪૦૦૦ |
| મુડીખાતાઃ | | | દેવાદારો | ૧૮૦૦૦ |
| રાકેશ | ૧૦૦૦૦ | | બેંકસિલક | ૨૦૦૦ |
| મંગેશ | ૬૦૦૦ | ૧૬૦૦૦ | શૈલેશની મૂડી | ૧૦૦૦૦ |
| | | ૬૪૦૦૦ | | ૬૪૦૦૦ |

મિલકતોના રૂા. ૩૦૦૦૦ ઉપજ્યા. વિસર્જન ખર્ચ રૂા. ૨૦૦૦ થયો. બધા ભાગીદારો નાદાર છે. ફક્ત રાકેશની ખાનગી મિલકતમાંથી રૂા. ૨૦૦૦ મળી શક્યા. ભાગીદારો ૨ : ૧ : ૧ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા હતા. પેઢીના ચોપડા બંધ કરવા જરૂરી ખાતા તૈયાર કરો.